☎ :૯૪૨૮૫૪૬૪૩૩ ☎ : 9428546433

# સરકારી પોલીટેકનીક, ભુજ
# Government Polytechnic, Bhuj

હીલ ગાર્ડનની સામે, ભુજ – કચ્છ. ૩૭૦ ૦૦૧ Opp. Hill Garden, Bhuj - Kutch. 370 001
Website: www.gpbhuj.ac.in Email: gp-bhuj-dte@gujarat.gov.in

ક્રમાંક/No. : સપોભુ/GPB : Date/તારીખ :

## અખબારી યાદી

## સરકારી પોલિટેકનીક, ભુજની વધુ એક સીદ્ધી : મીકેનિકલ,કોમ્પ્યુટર,ઈલેકટ્રીકલ બ્રાંચ ને વધુ 3 વર્ષ ની NBA ની માન્યતા

ભુજ માં હિલ ગાર્ડન સામે આવેલી સરકારી પોલીટેકનિક , ભુજ એ સરહદી કચ્છ જિલ્લાની એકમાત્ર સરકારી ડીપ્લોમા ઈજનેરી કોલેજ છે. વર્ષ 1987 થી સ્થપાયેલ આ કોલેજ માં જુદી-જુદી 5 વિદ્યાશાખાઓ સીવીલ, માઈનીગ, કોમ્પ્યુટર,મિકેનીક્લ, ઈલેક્ટ્રીકલ, માં હાલ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. જેમાંથી મિકેનિકલ, ઇલેક્ટ્રીકલ તથા કોમ્પ્યુટર એમ કુલ ત્રણ બ્રાંચ ના અભ્યાસક્રમોને અગાઉ વર્ષ 2022 માં 3 વર્ષ માટે NBAની માન્યતા મળેલ હતી. જેની માન્યતા આગળ વધારવા તા. ૧૯ જુલાઈ ૨૦૨૫ ના દિલ્હી થી આવેલ NBA ના તજજ્ઞ ડો. ધર્મીંદ્રકુમાર અને ડો. વી.એમ.ફાલે ની ટીમ એ ગુણવતા ની વિવિધ બાબતો ચકાસી ને આ ત્રણ બ્રાંચ ના અભ્યાસક્રમ ને વધુ ત્રણ વર્ષ માટે NBA ની માન્યતા આપતા આ ત્રણે અભ્યાસક્રમો ની NBA ની માન્યતા વર્ષ 2028 સુધી વધી ગયેલ છે. અગાઉ બે મહીંના પહેલા સીવીલ તથા માઈનીગ બ્રાંચ ના અભ્યાસક્રમોને ને ત્રણ વર્ષ ની NBA ની માન્યતા મળી હતી. આમ તમામ વિદ્યાશાખાઓ ને NBA ની માન્યતા મળી જતા આવી સિદ્ધિ મેળવનાર સરકારી પોલીટેકનિક , ભુજ એ કચ્છ ની એક માત્ર સંસ્થા બની છે. કોલેજ ની આવી ઝળહળતી સફળતા બદલ ગાંધીનગર સ્થિત ડાયરેક્ટોરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન એ પણ કોલેજ ને ખાસ અભિનંદન પાઠવેલ છે.

વૉશિંગ્ટન એકોર્ડ એ પ્રોફેશનલ અભ્યાસક્રમો માટેની આંતરરાષ્ટ્રિય સમજૂતી છે, જે પરિણામલક્ષી અભ્યાસક્રમ ઉપર ભાર આપે છે. તેનાં અનુસાર કરવામાં આવતાં આ ઈન્સ્પેકશનમાં મુખ્યત્વે કોલેજમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિવિધ સવલતો, લેબોરેટરીઓ, ઇન્ફ્રાસ્ટ્રકચર, શૈક્ષણિક સ્ટાફની લાયકાત, અનુભવ, શૈક્ષણિક ગુણવત્તા, વિદ્યાર્થીઓની સંખ્યા, તેમના પરિણામોની ગુણવત્તા, લાયબ્રેરી, પ્લેસમેન્ટ, બજેટ, સ્પોર્ટ્સ, કો-કરીક્યુલર તથા એક્સ્ટ્રા-કરીક્યુલર પ્રવૃતિઓ વગેરે બાબતોમાં પાછલાં ત્રણ વર્ષોનો રેકર્ડ તપાસી આગામી ત્રણ વર્ષ માટે માન્યતા આપવામાં આવે છે. આ પ્રક્રિયામાં સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ, વાલીઓ, નોકરીદાતાઓ તથા અન્ય સ્ટેક હોલ્ડર્સ ને પણ સમાવવામાં આવે છે. એ ઉલ્લેખનીય છે કે, જે વિભાગને એક્રેડિટેશન મળેલ હોય તેનાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અથવા નોકરી અર્થે વિદેશ જવું હોય તો સીધો જ લાભ થાય છે.

સામાન્ય રીતે મુશ્કેલ ગણાય તેવાં ગુણવત્તાનાં ધોરણોની ચકાસણી આ દરમ્યાન કરવામાં આવે છે. આચાર્યશ્રી ડો. જી. વી. લાખાણી સાહેબે જણાવ્યું હતું કે NBA એક્રેડિટેશન એ સંસ્થામાં ચાલતાં અભ્યાસક્રમોની

ટીચીંગ-લર્નીંગની પ્રક્રિયાની ઉચ્ચ ગુણવત્તા બાબતનું પ્રમાણ દર્શાવે છે. આનાથી વિદ્યાર્થીઓને તથા વાલીઓને અભ્યાસક્રમની ગુણવત્તા બાબતની ખાતરી મળી રહે છે. આમ, કચ્છનાં વિદ્યાર્થીઓને આનાથી ચોક્કસ ફાયદો થશે.

આ સમગ્ર સફળતાનો શ્રેય સંસ્થાનાં દરેક નાના-મોટાં કર્મચારીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વિવિધ ખાતાનાં વડાઓ વગેરેને જાય છે.

NATIONAL BOARD OF ACCREDITATION

